| Publication: The Economic Times (Gujarati) | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 27, 2016 | Page: 7 |


# HPL ઈલેક્ટ્રિકનો IPO 8 ગણો છલકાયો: રિટેલ હિસ્સો 2.4 ભરાયો

**નવી દિલ્હી:** એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવર્સનો ₹૩૬૧ કરોડના પબ્લિક ઈશ્યૂ છેલ્લા દિવસે આશરે આઠ ગણો છલકાયો હતો. આઈપીઓમાં ૧.૪૪ કરોડ શેરની ઓફર સામે ૧૧.૫૩ કરોડ શેર માટે બિડ્સ મળ્યા હતા, એમ એનએસઈના સાંજે પાંચ વાગ્યા સુધીના ડેટામાં જણાવાયું હતું. પબ્લિક ઈશ્યૂમાં ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સનો ક્વોટા ૫.૭૭ ગણો ભરાયો હતો, જ્યારે નોન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સનો અનામત હિસ્સો ૨૨.૨ ગણો છલકાયો હતો. નાના રોકાણકારો માટેનો અનામત હિસ્સો ૨.૪ ગણો ભરાયો હતો. એચપીએલ ઈલેક્ટ્રિકે અગાઉ શેર દીઠ ₹૨૦૨ના ભાવે શેરનું વેચાણ કરીને એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી ₹૧૦૮ કરોડ એકત્ર કર્યા હતા. આઈપીઓનો પ્રાઈસ બેન્ડ શેર દીઠ ₹૧૭૫થી ૨૦૨ હતો. પબ્લિક ઈશ્યૂ ૨૨ સપ્ટેમ્બરે ખૂલ્યો હતો.